 **C.C.NO.** 54/2024

| | | | |
|---|---|---|---|
| GJAR040000892024 | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૦૩/૦૨/૨૦૨૪ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૩/૦૨/૨૦૨૪ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૨૫/૦૮/૨૦૨૬ |
| | | સમયગાળો:વર્ષ-૦૨ , મહિનો-૦૬ , દિવસ-૨૨ | |

-----------------------------------

**<u>મેઘરજ તાલુકાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ</u>**

-----------------------------------

**<u>ફોજદારી કેસ નંબર : ૫૪/૨૦૨૬</u>**

**<u>આંક :</u>**

-----------------------------------

**ફરીયાદી :** **શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૭૨૩૦૫૭૫/૨૩

**૦ વિરૂધ્ધ ૦**

**આરોપી :**(૧)બાબુભાઈ સ/ઓ દેવાભાઈ લાખાભાઈ ખુંટી

રહે. રાણાવાવ,મોફતીયાપારા,રબારી વાસ,મામલતદાર કવાટર્સની બાજુમાં,તા.રાણાવાવ,જી.પોરબંદર

(૨)મનોજભાઈ સ/ઓ કાનજીભાઈ કરશનભાઈ ભરડા**(અબેટ)**

રહે.રાણાવાવ,મોફતીયાપારા,ગોપાલપરા,તા.રાણાવાવ,જી.પોરબંદર

-----------------------------------

**ગુનો:** **<u>ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ-૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની કલમ ૩,૭ મુજબ</u>**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી વી.એચ.ભરવાડ

---

**૦ હુકમ ૦**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૭૨૩૦૫૭૫/૨૩ તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ– ૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ની કલમ–૩,૭ મુજબનાં ગુન્હા ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–**

સદર કામમાં એવી રીતે કે કોલમ નં.૧માં જણાવેલ આરોપીઓએ તા.૧૩/૧૦/૨૦૨૩ ના ક.૧૭/૧૫ વાગે મોજે ઉન્ડવા એક પોસ્ટ આગળ રોડ ઉપર પોતાના આર્થિક લાભ ખાતર પોતાના કબજાની અશોક લેલન્ડ ટ્રક ગાડી નંબર GJ–25–U–7892 કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/– નીમાં કેબીનના પાછળના ભાગે બનાવેલ ટાંકીમાં ફાયર સેફટીના સાધન રાખ્યા વગર કોઈપણ પ્રકારના લાયસન્સ કે આધાર પુરાવા વગર બેદરકારી રીતે પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ જવલનશીલ પ્રવાહી આશરે ૩૦૦લીટર જેની કી.રૂ.૨૪,૦૦૦/– નું ભરી રાખી સાથે મોબાઈલ ફોન નં.૦૨ કિ.રૂ.૬,૦૦૦/– સાથે મળી કુલ કિ.રૂ.૧૦,૩૦,૦૦૦/–ના મુદામાલ સાથે મળી આવી એકબીજાની મદદગારી ગુન્હો કર્યા બાબતે. આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ– ૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ –૩, ૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા,

તે અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૩) <u>કોર્ટ કાર્યવાહી :–</u>**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. તે જોતાં ઈ. પી. કો. કલમ–૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ –૩, ૭ મુજબ આરોપી સામેનો કેસ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક–૧૦ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૧૧ થી ૧૨ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //</u>**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી ડાહ્યાભાઈ સુફરાભાઈ ખાંટ ની જુબાની | ૧૪ |
| ૦૨ | ફરીયાદ | ૧૫ |

| | | |
|---|---|---|
| ૦૩ | સાહેદ કલ્પેશકુમાર સવજીભાઈ ખાંટ ની જુબાની | ૨૨ |
| ૦૪ | સાહેદ કનુભાઈ જયચંદભાઈ ચૌધરીની જુબાની | ૨૫ |
| ૦૫ | પંચસાહેદ આશીફભાઈ મુહમુદભાઈ શેખની જુબાની | ૧૮ |
| ૦૬ | પંચનામુ | ૧૯ |
| ૦૭ | પંચસાહેદ ડાહ્યાભાઈ રમણભાઈ મેણાતની જુબાની | ૨૪ |
| ૦૮ | ચાર્જશીટ કરનાર વિક્રમસિંહ જબ્બરસિંહ તોમરની જુબાની | ૩૦ |
| ૦૯ | પૃથ્થકરણ રીપોર્ટ | ૩૧ |

**(૫)** ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીને પુછવામાં આવેલ સવાલોનો મહદઅંશે ઇન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, નિર્દોષ છે તેમ જણાવેલ છે.

**( ૬ )** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રીની વિસ્તૃત દલીલો મૌખિકમાં સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| **૧.** | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે,કોલમ નં.૧માં જણાવેલ આરોપીઓએ તા.૧૩/૧૦/૨૦૨૩ ના ક.૧૭/૧૫ વાગે મોજે ઉન્ડવા ચેક પોસ્ટ આગળ રોડ ઉપર પોતાના આર્થિક લાભ ખાતર પોતાના કબજાની અશોક લેલન્ડ ટ્રક ગાડી નંબર GJ–25–U–7892 કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/– | નકારમાં |

| | | |
|---|---|---|
| | નીમાં કેબીનના પાછળના ભાગે બનાવેલ ટાંકીમાં ફાયર સેફ્ટીના સાધન રાખ્યા વગર કોઈપણ પ્રકારના લાયસન્સ કે આધાર પુરાવા વગર બેદરકારી રીતે પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ જવલનશીલ પ્રવાહી આશરે ૩૦૦લીટર જેની કી.રૂ.૨૪,૦૦૦/- નું ભરી રાખી સાથે મોબાઈલ ફોન નં.૦૨ કિ.રૂ.૬,૦૦૦/- સાથે મળી કુલ કિ.રૂ.૧૦,૩૦,૦૦૦/-ના મુદામાલ સાથે મળી આવી એકબીજાની મદદગારી ગુન્હો કર્યા બાબતે. આ અદાલતની હકુમતમાં આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ- ૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ -૩, ૭ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

<u>**૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦**</u>

(૮) **-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

<u>**મુદાની ચર્ચા :-**</u>

અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સં જોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર

"Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **''Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous''** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

**( ૯ ) <u>ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૪ થી ફરિયાદી ડાહ્યાભાઈ સુફરાભાઈ ખાંટ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,હું ગત તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અહેકો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન હું તથા પ્રોબેશનર પોલીસ ઈન્સપેકટર કે. એસ. પટેલ તથા આપોકો કલ્પેશભાઈ સવજીભાઈ સાથે મેઘરજ પો.સ્ટે. વિસ્તારના ઉન્ડવા ચેક પોસ્ટ ઉપર રાજસ્થાન તરફથી આવતા વાહનો ચેક કરતા હતા તે દરમિયાન બપોરના આશરે બે એક વાગ્યાના સમયે એક અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ આવતા અમોએ સદર ટ્રક ઉભી રખાવી જોતાં સદર

ટ્રકમાં ચાલક સાથે બાજુમાં ઈસમ બેઠલ હતો જેથી બં નેનાઓને નીચે ઉતારી સાથે રાખી ગાડીના કેબીનમાં તેમજ કેબીનના પાછળના ભાગે જોતાં કેબીનના પાછળના ભાગે એક ટાંકી બનાવેલ હોય જે ટાં કીમાં કોઈ જવલનશીલ પ્રવાહી ભરેલ હતુ જેથી બંને ઈસમોને સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી અંગે પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહીનો ગેરકાયદેસર જથ્થો જે અતિજોખમ કારક હોવાનું જાણવા છતાં પુરતા પ્રમાણમાં ફાયર સ ેફટીના સાધનો રાખ્યા વગર પોતાના કબ્જાની અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ માં કેબીનની પાછળના ભાગે ટાંકી બનાવી તેમાં ભરી લઈ આવેલાનું જણાતા નાયબ પોલીસ અધિક્ષક કે.જે. ચૌધરી નાઓનો સપર્ક કરી ઉપરોકત જગ્યાએ આવવા માટે જાણ કરતા કે.જે. ચૌધરી આવતા તેઓને ઉપરોકત હકીકતની જાણ કરેલી અને તે પછી કે જે ચૌધરીનાઓએ નજીકમાંથી બે પંચના માણસો બોલાવી પં ચોને હકીકતથી વાકેફ કરી કે.જે.ચૌધરીનાઓ પંચો રૂબરૂ સદરી ગાડીના ચાલકનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ બાબુભાઈ સ/ઓ. દેવાભાઈ લાખાભાઈ ખુંટી ઉ.વ.૩૭ રહે. રાણાવાવ, મોફતીયાપારા, રબારીવાસ, રાણાવાવ, પોરબંદરનો હોવાનું જણાવેલ તેમજ તેની સાથેના ઈસમનું નામઠામ પુછતાં મનોજભાઈ સ/ઓ. કાનજીભાઈ કરસનભાઈ ભરડા ઉ.વ.પ૨ રહે.રાણાવાવ, મોફતીયાપારા, રબારીવાસ, રાણાવાવ, પોરબંદરનો હોવાનું જણાવેલ અને સદર ઈસમોને સાથે રાખી તેઓની ગાડી જોતાં અશોક લેલેન્ડ કંપનીની લીલા પીળા કલરના પટટાવાળી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ લખેલ હતો સદર ગાડીના કેબીનના પાછળના ભાગે જોતાં ડાલામાં કેબીનને અડીને એક ટાંકી બનાવેલ હોય જે ટાં

કીની લંબાઈ માપી જોતાં ૭ ફુટ ૨ ઈંચ જેટલી તથા પહોળાઈ ૧ ફુટ ૭ ઈંચ તેમજ ૩ ફુટ જેટલી ઉચાઈની હોય જે ટાંકીનું પંચો રૂબરૂ ઢાંકણ ખોલી જોતાં ટાંકીમાં બચોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી ભરેલ હતુ જે ગાડીના ડાલામાં બનાવેલ ટાંકીમાં ભરી રાખવા બદલ હાજર બંને ઈસમોને પુછતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી અને તેઓ પાસેથી પાસપરમીટ કે બીજો કોઈ આધાર કે પુરાવો હોય તો રજુ કરવા જણાવતાં સદરી બંને ઈસમોએ પોતાની પાસે કોઈ આધાર પુરાવો નહી હોવાનું જણાવેલ અને સદર ટાંકીમાં જોતાં આશરે ૩૦૦ લીટર જેટલુ બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી કુલ કિ.રૂા. ૨૪,૦૦૦/– નુ ભરેલ હતુ જે બંને ઈસમોએ પોતાના આર્થિક લાભ ખાતર બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી વેચાણ કરવા ટાંકીમાં ભરી રાખેલ હોય સદર ટાંકીમાંથી સેમ્પલ તપાસણસ સારૂ ૩ એલ્યુમીનીયમના ડબ્બામાં ૧–૧ લીટર ભરી લઈ ડબ્બના ઢાંકણ બંધ કરી ટાંકીનું ઢાંકણ પણ બંધ કરી સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી કાઢવા માટેનો વાલ બંધ કરી તેમજ તેની ઉપર સફેદ કલરના કાપડની પટટીથી કે.જે. ચૌધરી તથા પંચોની સહીઓવાળી કાપલીઓ બાંધી તેની ઉપર પંચનામાની વિગતે પો.ઈ. મેઘરજના હોદદાવાળુ ધાતુના શીલથી લાખથી પાકા શીલો કરી સેમ્પલ–૩ તેમજ બાયોડીઝલ ભરેલ ટ્રક અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ જેની કિ.રૂા. ૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ પુરા તથા બચોડીઝલ જેવુ પ્રવાહી રૂા.૨૪,૦૦૦/– નું પંચનામાની વિગતે શીલ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ અને સદર ગાડી ચાલક બાબુભાઈનાઓની અંગજડતી કરતા એક ઓપો કંપનીનો કાળા કલરનો જીયો કંપનીનું સીમકાર્ડ જેનો મો.નં. ૯૦૧૬૪૫૧૫૪૫ નો ચાલુ હાલતનો કિ.રૂા. ૫,૦૦૦/– નો મળી આવેલ જે તપાસ અર્થે વિગતવારનુંપંચનામુ કરી

કબ્જે લીધેલ અને મનોજભાઈની અંગજડતી કરતા એક સેમસંગ કંપનીનો સીલ્વર કલરનો સાદો કિપેડ વાળો મોબાઈલ ફોન જેમાં વોડાફોન કંપનીનું સીમકાર્ડ જેનો મોબાઈલ નં. ૭૦૪૬૦૦૧૪૬૦ નો ચાલુ હાલતનો કિ.રૂા.૧૦૦૦/– ગણી તપાસ અર્થે વિગતવારનુંપંચનામુ કરી કબ્જે લીધેલ અને સદર બંને પકડાયેલ ઈસમોએ કરેલ ગુન્હા બાબતે અમોએ નાયબ પોલીસ અધિક્ષક કે.જે. ચૌધરીનાઓ રૂબરૂ ફરીયાદ આપેલ જે ફરીયાદ મને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે અસલ ફરીયાદ રજુ દાખલ **આંક– ૧૫** આપવામા આવે છે.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત કબુલ રાખે છે કે,એ વાત ખરી છે કે, પંચોના નામ મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં પંચો રૂબરૂ પંચનામુ કરી તથા બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી કબ્જે કરેલાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે ફીરયાદમાં જે ટ્રક ગાડી બતાવેલ છે તેમાં બળતણ તરીકે ડીઝલનો ઉપયોગ થાય છે. એ વાત ખરી છે કે ટ્રકની ડીઝલની ટાંકી ૨૦૦ થી ૩૦૦ લીટરની કેપેસીટીવાળી હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવેલ ટ્રકની માલીકીના દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે મારા સીનીયર અધિકારીના કહેવાથી કામગીરી બતાવવા હાલની ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે હાલના કામના આરોપીઓએ કોઈ બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી ગેરકાયદેસર રીતે ભરેલ ન હોય તેમ છતાં ખોટી રીતે ઓળખી બતાવુ છુ. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૨૨ થી સાહેદ કલ્પેશકુમાર સવજીભાઈ ખાંટ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,હું ગત તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે આપોકો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન હું તથા પ્રોબેશનર પોલીસ ઈન્સપેકટર કે. એસ. પટેલ તથા અહેકો ડાહયાભાઈ સુફરાભાઈ સાથે મેઘરજ પો.સ્ટે. વિસ્તારના ઉન્ડવા ચેક પોસ્ટ ઉપર રાજસ્થાન તરફથી આવતા વાહનો ચેક કરતા હતા તે દરમિયાન બપોરના આશરે બે એક વાગ્યાના સમયે એક અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ આવતા અમોએ સદર ટ્રક ઉભી રખાવી જોતાં સદર ટ્રકમાં ચાલક સાથે બાજુમાં ઈસમ બેઠલ હતો જેથી બં નેનાઓને નીચે ઉતારી સાથે રાખી ગાડીના કેબીનમાં તેમજ કેબીનના પાછળના ભાગે જોતાં કેબીનના પાછળના ભાગે એક ટાંકી બનાવેલ હોય જે ટાં કીમાં કોઈ જવલનશીલ પ્રવાહી ભરેલ હતુ જેથી બંને ઈસમોને સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી અંગે પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહીનો ગેરકાયદેસર જથ્થો જે અતિજોખમ કારક હોવાનું જાણવા છતાં પુરતા પ્રમાણમાં ફાયર સ ેફટીના સાધનો રાખ્યા વગર પોતાના કબ્જાની અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ માં કેબીનની પાછળના ભાગે ટાંકી બનાવી તેમાં ભરી લઈ આવેલાનું જણાતા નાયબ પોલીસ અધિક્ષક કે.જે. ચૌધરી નાઓનો સપર્ક કરી ઉપરોકત જગ્યાએ આવવા માટે જાણ કરતા કે.જે. ચૌધરી આવતા તેઓને ઉપરોકત હકીકતની જાણ કરેલી અને તે પછી કે જે ચૌધરીનાઓએ નજીકમાંથી બે પંચના માણસો બોલાવી પં ચોને હકીકતથી વાકેફ કરી કે.જે.ચૌધરીનાઓ પંચો રૂબરૂ સદરી ગાડીના

ચાલકનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ બાબુભાઈ સ/ઓ. દેવાભાઈ લાખાભાઈ ખુંટી ઉ.વ.૩૭ રહે. રાણાવાવ, મોફતીયાપારા, રબારીવાસ, રાણાવાવ, પોરબંદરનો હોવાનું જણાવેલ તેમજ તેની સાથેના ઈસમનું નામઠામ પુછતાં મનોજભાઈ સ/ઓ. કાનજીભાઈ કરસનભાઈ ભરડા ઉ.વ.પર રહે.રાણાવાવ, મોફતીયાપારા, રબારીવાસ, રાણાવાવ, પોરબંદરનો હોવાનું જણાવેલ અને સદર ઈસમોને સાથે રાખી તેઓની ગાડી જોતાં અશોક લેલેન્ડ કંપનીની લીલા પીળા કલરના પટટાવાળી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ લખેલ હતો સદર ગાડીના કેબીનના પાછળના ભાગે જોતાં ડાલામાં કેબીનને અડીને એક ટાંકી બનાવેલ હોય જે ટાં કીની લંબાઈ માપી જોતાં ૭ ફુટ ૨ ઈંચ જેટલી તથા પહોળાઈ ૧ ફુટ ૭ ઈંચ તેમજ ૩ ફુટ જેટલી ઉચાઈની હોય જે ટાંકીનું પંચો રૂબરૂ ઢાંકણ ખોલી જોતાં ટાં કીમાં બચોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી ભરેલ હતુ જે ગાડીના ડાલામાં બનાવેલ ટાંકીમાં ભરી રાખવા બદલ હાજર બંને ઈસમોને પુછતાં કોઈ સં તોષકારક જવાબ આપેલ નહી અને તેઓ પાસેથી પાસપરમીટ કે બીજો કોઈ આધાર કે પુરાવો હોય તો રજુ કરવા જણાવતાં સદરી બંને ઈસમોએ પોતાની પાસે કોઈ આધાર પુરાવો નહી હોવાનું જણાવેલ અને સદર ટાંકીમાં જોતાં આશરે ૩૦૦ લીટર જેટલુ બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી કુલ કિ.રૂા. ૨૪,૦૦૦/- નુ ભરેલ હતુ જે બંને ઈસમોએ પોતાના આર્થિક લાભ ખાતર બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી વેચાણ કરવા ટાંકીમાં ભરી રાખેલ હોય સદર ટાંકીમાંથી સેમ્પલ તપાસણી સારૂ ૩ એલ્યુમીનીયમના ડબ્બામાં ૧ -૧ લીટર ભરી લઈ ડબ્બાના ઢાંકણ બંધ કરી ટાંકીનું ઢાંકણ પણ બંધ કરી સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી કાઢવા માટેનો વાલ બંધ કરી તેમજ તેની ઉપર સફેદ કલરના કાપડની પટટીથી કે.જે. ચૌધરી તથા પં

ઓની સહીઓવાળી કાપલીઓ બાંધી તેની ઉપર પંચનામાની વિગતે પો.ઈ. મેઘરજના હોદદાવાળુ ધાતુના શીલથી લાખથી પાકા શીલો કરી સેમ્પલ-૩ તેમજ બાયોડીઝલ ભરેલ ટ્રક અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ જેની કિ.રૂા. ૧૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા દસ લાખ પુરા તથા બયોડીઝલ જેવુ પ્રવાહી રૂા.૨૪,૦૦૦/- નું પંચનામાની વિગતે શીલ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ અને સદર ગાડી ચાલક બાબુભાઈનાઓની અંગજડતી કરતા એક ઓપો કંપનીનો કાળા કલરનો જીયો કંપનીનું સીમકાર્ડ જેનો મો.નં. ૯૦૧૬૪૫૧૫૪૫ નો ચાલુ હાલતનો કિ.રૂા. ૫,૦૦૦/- નો મળી આવેલ જે તપાસ અર્થે વિગતવારનું પંચનામુ કરી કબ્જે લીધેલ અને મનોજભાઈની અંગજડતી કરતા એક સેમસંગ કંપનીનો સીલ્વર કલરનો સાદો કિપેડ વાળો મોબાઈલ ફોન જેમાં વોડાફોન કંપનીનું સીમકાર્ડ જેનો મોબાઈલ નં. ૭૦૪૬૦૦૧૪૬૦ નો ચાલુ હાલતનો કિ.રૂા.૧૦૦૦/- ગણી તપાસ અર્થે વિગતવારનુંપંચનામુ કરી કબ્જે લીધેલ અને સદર બંને પકડાયેલ ઈસમોએ કરેલ ગુન્હા બાબતે અહેકો ડાહયાભાઈ સુફરાભાઈનાઓએ નાયબ પોલીસ અધિક્ષક કે.જે. ચૌધરીનાઓ રૂબરૂ ફરીયાદ આપેલ જે ફરીયાદ બાબતે તકશ્રીએ મારો જવાબ લીધેલ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકત કબૂલ કરેલ છે કે,એ વાત ખરી છે કે, પંચોના નામ મારી જવાબમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં પંચો રૂબરૂ પંચનામુ કરી તથા બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી કબ્જે કરેલાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે જવાબમાં જે ટ્રક ગાડી બતાવેલ છે તેમાં બળતણ તરીકે ડીઝલનો ઉપયોગ થાય છે. એ વાત ખરી છે કે ટ્રકની ડીઝલની ટાંકી ૨૦૦ થી ૩૦૦ લીટરની કેપેસીટીવાળી હોય છે. એ વાત ખરી છે કે જવાબમાં જણાવેલ

ટ્રકની માલીકીના દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે મારા સીનીયર અધિકારીના કહેવાથી કામગીરી બતાવવા હાલની ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટો જવાબ આપેલ છે. એ વાત ખરી નથી કે હાલના કામના આરોપીઓએ કોઈ બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી ગેરકાયદેસર રીતે ભરેલ ન હોય તેમ છતાં ખોટી રીતે ઓળખી બતાવુ છુ. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૨૫ થી સાહેદ કનુભાઈ જયચંદભાઈ ચૌધરી ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,હું ગત તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ હું નાયબ પોલીસ અધિક્ષક તરીકે મોડાસા વિભાગ, મોડાસા ખાતે ફરજ બજાવતો હતો તે દરમીયાન અહેકો ડાહ્યાભાઈ સુફરાભાઈ તથા પ્રોબેશનર પોલીસ ઈન્સપેકટર કે. એસ. પટેલ તથા આપોકો કલ્પેશભાઈ સવજીભાઈ સાથે મેઘરજ પો.સ્ટે. વિસ્તારના ઉન્ડવા ચેક પોસ્ટ ઉપર રાજસ્થાન તરફથી આવતા વાહનો ચેક કરતા હતા તે દરમિયાન બપોરના આશરે બે એક વાગ્યાના સમયે એક અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નં બર જી.જે.૨૫.યુ.૭૮૯૨ આવતા તેઓએ સદર ટ્રક ઉભી રખાવી જોતાં સદર ટ્ રકમાં ચાલક સાથે બાજુમાં ઈસમ બેઠલ હતો જેથી બં નેનાઓને નીચે ઉતારી સાથે રાખી ગાડીના કેબીનમાં તેમજ કેબીનના પાછળના ભાગે જોતાં કેબીનના પાછળના ભાગે એક ટાંકી બનાવેલ હોય જે ટાં કીમાં કોઈ જવલનશીલ પ્રવાહી ભરેલ હતુ જેથી બંને ઈસમોને સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી અંગે પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહીનો ગેરકાયદેસર

જથ્થો જે અતિજોખમ કારક હોવાનું જાણવા છતાં પુરતા પ્રમાણમાં ફાયર સ ેફટીના સાધનો રાખ્યા વગર પોતાના કબ્જાની અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ માં કેબીનની પાછળના ભાગે ટાંકી બનાવી તેમાં ભરી લઈ આવેલાનું જણાતા અમારો સંપર્ક કરી ઉપરોકત જગ્યાએ આવવા માટે જાણ કરતા અમો સદર જગ્યાએ આવતા અમોને ફરીયાદીએ ઉપરોકત હકીકતની જાણ કરેલી અને તે પછી અમોએ નજીકમાંથી બે પંચના માણસો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી અમોએ પંચો રૂબરૂ સદરી ગાડીના ચાલકનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ બાબુભાઈ સ/ઓ. દેવાભાઈ લાખાભાઈ ખુંટી ઉ.વ.૩૭ રહે. રાણાવાવ, મોફતીયાપારા, રબારીવાસ, રાણાવાવ, પોરબંદરનો હોવાનું જણાવેલ તેમજ તેની સાથેના ઈસમનું નામઠામ પુછતાં મનોજભાઈ સ/ઓ. કાનજીભાઈ કરસનભાઈ ભરડા ઉ.વ.પર રહે.રાણાવાવ, મોફતીયાપારા, રબારીવાસ, રાણાવાવ, પોરબંદરનો હોવાનું જણાવેલ અને સદર ઈસમોને સાથે રાખી તેઓની ગાડી જોતાં અશોક લેલેન્ડ કંપનીની લીલા પીળા કલરના પટટાવાળી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ લખેલ હતો સદર ગાડીના કેબીનના પાછળના ભાગે જોતાં ડાલામાં કેબીનને અડીને એક ટાંકી બનાવેલ હોય જે ટાં કીની લંબાઈ માપી જોતાં ૭ ફુટ ૨ ઈંચ જેટલી તથા પહોળાઈ ૧ ફુટ ૭ ઈંચ તેમજ ૩ ફુટ જેટલી ઉચાઈની હોય જે ટાંકીનું પંચો રૂબરૂ ઢાંકણ ખોલી જોતાં ટાં કીમાં બયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી ભરેલ હતુ જે ગાડીના ડાલામાં બનાવેલ ટાંકીમાં ભરી રાખવા બદલ હાજર બંને ઈસમોને પુછતાં કોઈ સં તોષકારક જવાબ આપેલ નહી અને તેઓ પાસેથી પાસપરમીટ કે બીજો કોઈ આધાર કે પુરાવો હોય તો રજુ કરવા જણાવતાં સદરી બંને ઈસમોએ પોતાની પાસે કોઈ આધાર પુરાવો નહી હોવાનું જણાવેલ અને સદર ટાંકીમાં જોતાં

આશરે ૩૦૦ લીટર જેટલુ બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી કુલ કિ.રૂા. ૨૪,૦૦૦/– નુ ભરેલ હતુ જે બંને ઈસમોએ પોતાના આર્થિક લાભ ખાતર બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી વેચાણ કરવા ટાંકીમાં ભરી રાખેલ હોય સદર ટાંકીમાંથી સેમ્પલ તપાસણી સારૂ ૩ એલ્યુમીનીયમના ડબ્બામાં ૧ –૧ લીટર ભરી લઈ ડબ્બાના ઢાંકણ બંધ કરી ટાંકીનું ઢાંકણ પણ બંધ કરી સદર ટાંકીમાં ભરેલ પ્રવાહી કાઢવા માટેનો વાલ બંધ કરી તેમજ તેની ઉપર સફેદ કલરના કાપડની પટટીથી અમારી તથા પંચોની સહીઓવાળી કાપલીઓ બાંધી તેની ઉપર પંચનામાની વિગતે પો.ઈ. મેઘરજના હોદદાવાળુ ધાતુના શીલથી લાખથી પાકા શીલો કરી સેમ્પલ–૩ તેમજ બાયોડીઝલ ભરેલ ટ્રક અશોક લેલેન્ડ કંપનીની મોટી ટ્રક ગાડી નંબર જી.જે.૨૫.યુ.૭૮૯૨ જેની કિ.રૂા. ૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ પુરા તથા બયોડીઝલ જેવુ પ્રવાહી રૂા.૨૪,૦૦૦/– નું પંચનામાની વિગતે શીલ કરી તપાસ અર્થે અમોએ કબ્જે લીધેલ અને સદર ગાડી ચાલક બાબુભાઈનાઓની અંગજડતી કરતા એક ઓપો કંપનીનો કાળા કલરનો જીયો કંપનીનું સીમકાર્ડ જેનો મો.નં . ૯૦૧૬૪૫૧૫૪૫ નો ચાલુ હાલતનો કિ.રૂા. ૫,૦૦૦/– નો મળી આવેલ જે પણ તપાસ અર્થે વિગતવારનું પંચનામુ પંચો રૂબરૂ કરી અમોએ કબ્જે લીધેલ અને મનોજભાઈની અંગજડતી કરતા એક સેમસંગ કંપનીનો સીલ્વર કલરનો સાદો કિપેડ વાળો મોબાઈલ ફોન જેમાં વોડાફોન કંપનીનું સીમકાર્ડ જેનો મોબાઈલ નં. ૭૦૪૬૦૦૧૪૬૦ નો ચાલુ હાલતનો કિ.રૂા.૧૦૦૦/– ગણી તપાસ અર્થે વિગતવારનું પંચનામુ પંચો રૂબરૂ કરી અમોએ કબ્જે લીધેલ જે આંક–૧૯વાળુ પંચનામુ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ તેમાં પંચોની મારી રૂબરૂ સહી છે જે ઓળખી બતાવુ છુ અને સદર બંને પકડાયેલ ઈસમોએ કરેલ ગુન્હા બાબતે અમો રૂબરૂ અહેકો

ડાહયાભાઈ સુફરાભાઈનાઓએ ફરીયાદ આપેલ જે આ કામે આંક– ૧૫ થી રજુ છે જેમાં ફરીયાદી ડાહયાભાઈની મારી રૂબરૂ સહી છે જે ઓળખી બતાવુ છુ જે ફરીયાદ અમોએ મેઘરજ પો.સ્ટે. પી.એસ.ઓ અહેકો રમેશભાઈ મગનભાઈનાઓને નોંધવા સારૂ આપતાં તેઓએ મેઘરજ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧ ૮૮ ૦૦૭૨૩૦૫૭૬/૨૩, ઈ.પી.કો. કલમ–૨૮૫,૧૧૪ મુજબ નોંધી આગળની તપાસ પ્રો.પો.ઈ. કેસ.એસ.પટેલનાઓને સુપરત કરેલ. અમોએ આ કામે પકડાયેલા આરોપીઓને મેઘરજ પો.સ્ટે. ખાતે પ્રો.પો.ઈ. કેસ.એસ. પટેલનાઓને સુપરત કરેલ અને સદર કામે પંચનામાની રૂએ કબ્જે કરેલ સ ેમ્પલ તપાસણી સારૂ પો.સ્ટે. અધિકારીઓને મારી મારફતે એફ.એસ.એલ. કચેરી ખાતે મોકલેલ જે રવાનગી રીપોર્ટ આ સાથે રજુ કરૂ છુ જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે,એ વાત ખરી છે કે, પંચોના નામ મારી રૂબરૂની ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં પંચો રૂબરૂ પંચનામુ કરી તથા બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્રવાહી કબ્જે કરેલાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે ફરીયાદમાં જે ટ્રક ગાડી બતાવેલ છે તેમાં બળતણ તરીકે ડીઝલનો ઉપયોગ થાય છે. એ વાત ખરી છે કે ટ્રકની ડીઝલની ટાંકી ૨૦૦ થી ૩૦૦ લીટરની કેપેસીટીવાળી હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવેલ ટ્રકની માલીકીના દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા આંક–૧૫ વાળી ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે હાલના કામના આરોપીઓએ કોઈ બાયોડીઝલ જેવુ જવલનશીલ પ્ર વાહી ગેરકાયદેસર રીતે ભરેલ ન હોય તેમ છતાં ખોટી રીતે ઓળખી બતાવુ છુ. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પંચનામુ કરેલાની હકીકત ખોટી જણાવુ છુ. એ

વાત ખરી નથી કે આરોપીઓ પાસેથી કોઈ બાયોડીઝલલ સેમ્પલ પંચનામાની રૂએ કબ્જે કરેલ અને તેનું સેમ્પલ તપાસણી સારૂ મોકલેલાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**( ૧૦ ) <u>પંચસાહેદો નો પુરાવો :–</u>**

આ કામે આંક– ૧૮ થી પંચસાહેદ આશીફભાઈ મુહમુદભાઈ શેખ તથા આંક– ૨૪ થી પંચસાહેદ ડાહ્યાભાઈ રમણભાઈ મેણાત નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદો પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે પરંતુ ઉલટતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલી અને તે સીવાય બીજુ કંઇ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી સદર પંચ સાહેદોની વિરોધાભાષ જુબાની રેકર્ડ પર આવવા પામેલ છે જેથી સદર પંચ સાહેદોની જુબાની શંકારહીત માનવાપાત્ર રહેતી નથી. વધુમાં, તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્રાહ્ય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. આંક– ૧૯ થી પંચનામાને રજુ કરવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

**( ૧૧ ) <u>ચાર્જશીટ કરનાર નો પુરાવો :–</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૩૦ થી વિક્રમસિંહ જબ્બરસિંહ ચૌહાણ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,હું ગત તા. ૧૦/૦૧/૨૦૨૪ ના રોજ મેઘરજ

પો.સ્ટે ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે વખતે મેઘરજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૭૨૩૦૫૭૬/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૨૮૫,૧૧૪ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ–૩ અને ૭ મુજબ ગુન્હાની તપાસ અમોને પ્રોબેશ્નલ પી.આઈ. કે.એસ. પટેલનાઓથી મળતાં અમોએ તપાસ સંભાળી લઈ પકડાયેલ મુદદામાલ તપાસણી સારૂ મોકલી આપેલ જે અંગેનું પૃથ્થકરણ કરવા માટે મોકલેલ રીપોર્ટ આ સાથે રજુ કરૂ છુ જે માં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક. ૩૧ આપવામાં આવે છે અને ત્યારબાદ સદર મુદદામાલનો રીપોર્ટ આવેલ. ત્યારબાદ તપાસના કાગળો વંચાણે લેતાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, એ વાત ખરી છે કે, મારી રૂબરૂની ફરીયાદ થયેલ નથી. એ વાત ખરી છે કે બનાવના સ્થળે હું તપાસ કરવા ગયેલ નથી કે તપાસના કામે મે કોઈ સાહેદોના વધારાના નિવેદન નોધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં નામ.કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરેલ. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૨)** આ કામે આંક– ૧૮ થી પંચસાહેદ આસીફભાઈ મેહમુદભાઈ શેખ તથા આંક– ૨૪ થી પંચસાહેદ ડાહ્યાભાઈ રમણભાઈ મેણાત નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદો પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે પરંતુ ઉલટતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલી અને તે સીવાય બીજુ કંઈ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી સદર પંચ સાહેદોની વિરોધાભાષ જુબાની રેકર્ડ પર આવવા પામેલ છે જેથી સદર પંચ

સાહેદોની જુબાની શંકારહીત માનવાપાત્ર રહેતી નથી. વધુમાં, તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્ર ાહ્ય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. આંક–૨૧ થી પંચનામાને રજુ કરવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં. સામાન્ય સંજોગો માં સૌ પ્રથમ રેડ કરવા માં આવે છે. અને તે રેડ દરમિયાન ગુનો થતો ફલીત થતુ હોય તો તે અંગેનું પંચનામુ કરી લઇ તેના આધારે ફરીયાદ આપવામાં આવે છે. એટલે કે આવા કેસ માં પંચનામુ એ પાયા નો પુરાવો બને અને ફરીયાદ પક્ષ નો આધાર આ પંચનામા ઉપર રહે છે એટલે કે ફરીયાદ પક્ષે પંચનામુ સાબીત કરવુ જોઇએ જો ફરીયાદ પક્ષ પંચનામુ સાબિત કરવા માં નિષ્ફળ જાય તો પંચનામા ના આધારે કરવા માં આવેલી ફરીયાદ ને પુરતુ સમર્થન મળી રહેતુ હોય તો પણ પંચનામા જેવો પાયા નો પુરાવો સાબીત ના થયો હોય તો તે ફરીયાદ નું કોઇ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. હાથ પર ના કેસ માં પણ પંચનામા ના સાહેદ ફરી ગયેલ હોય ફરીયાદ કે ફરીયાદ પક્ષ ના પોલીસ સાહેદ ના પુરાવા નુ પુરાવાકીય મુલ્ય ઉપસ્થીત થતુ નથી.અને ચાર્જશીટ માં દર્શાવેલ સાહેદો નો પુરાવો નિવેદનો અનુસાર જેમનો તેમ માની લેવા માં આવે તો પણ આ કામ ના તમામ સાહેદો પોલીસ કર્મચારી ઓ છે, સાઇક્લોસ્ટાઇલ નિવેદનો છે, જેથી આ કામે ઉભી થતી શંકા નો લાભ આરોપી ને મળવા પાત્ર જણાય છે. આમ ઉપરોક્ત તમામ હકીકતો ને લક્ષમાં લેતા આ કામનો મુદ્દામાલ આરોપી ના સભાનપણા માં કબજા ભોગવટા માંથી મળી આવ્યા નું પંચ સાહેદોના પુરાવા થી પુરવાર થતુ નથી.

વધુમાં આ કામે આંક– ૨૭ થી એફ.એસ.એલનો રીપોર્ટ રજુ થયેલ છે જેને ધ્યાને લેવામાં આવે તો જે પ્રવાહી હતુ તે બાયોડીઝલની લાક્ષણીક્તા ધરાવતુ ન હતુ તથા પ્રવાહીમાં પેટ્રોલિયમ હાઇડ્રોકાર્બનની હાજરી શોધાયેલ

હતી પરંતુ તે સામાન્ય રીતે પેટ્રોલીયમ પ્રોડક્ટ કે મિશ્રણમાં જોવા મળે તેવી હતી. આમ, એફ.એસ.એલના રીપોર્ટ આધારે પણ કહેવાતુ પ્રવાહી પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન જવલનશીલ પ્રવાહી હતુ તે હકીકત ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલા નથી.

(૧૩) આમ ઉપર કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો અને ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓનુ બારીકાઈથી વિશ્લેષણ કરતા ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. જેથી પડેલ પુરાવા આધારે આરોપી વિરુધ્ધના ફરીયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકઢ ારમાં આપી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

(૧) આ કામે આરોપી (૧) બાબુભાઇ દેવાભાઇ ખુટી રહે. રાણાવાવ મોફતીયાપરા, રબારીવાસ, મામલતદાર ક્વાટર્સની બાજુમાં તા. રાણાવાવ જી. પોરબંદર નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ– ૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ– ૩,૭ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧) આ કામે આરોપી નં.૨ મનોજભાઇ કાનજીભાઇ ભરડાનાઓ મરણ જતા આંક–૧ લગત અબેટ હુકમ કરવામાં આવે છે.**

(૨) મુદ્દામાલ મોબાઇલ તથા ટ્રક અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે અને શરતો અપીલ સમય બાદ રદ ગણવી વધુમાં જો કોઇ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો

અપીલ સમય બાદ સદર મોબાઈલ તથા ટ્રક ના ખરા માલીકની ખરાઇ કરી માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય કબ્જે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નીયમોનુસાર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદૃ થયેલ ગણાશે.

આ આખરી આજરોજ મેઘરજમાં તા. ૨૫ મી, માહે-ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા. ૨૫/૦૮/૨૦૨૬**<br><br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |